શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
SHRI K. P. SANGHVI HOSPITAL
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
Silver Health Check-up (સિલ્વર હેલ્થ ચેકઅપ)
Rs. 3700/- Rs. 1500/-
- જનરલ લોહી ચેકઅપ CBC (Hb, Tc, Dc, RBC, Indices RBC, Platelet Count, MP), ESR
- યુરિન (પેશાબ) (Urine Test)
- સુગર તપાસ (Diabetes Test) FBS, PPBS
- કીડની તપાસ (Kidney Test) Creatinine, Blood Urea, Phosphorus, Electrolytes (Na+,K+CL-), Uric Acid, Calcium
- લીવર તપાસ (Liver-Hepatic Test) SGPT, SGOT, Bilirubin
- કોલેસ્ટ્રોલ (ચરબી) તપાસ (Cholesterol, Triglyceride)
- થાઈરોઈડ તપાસ (Thyroid Test) T3 T4 TSH - ન્યુટ્રીયન તપાસ (Vitamin B12)
- સંધિવા તપાસ (Arthritis Test), RA Test - હૃદયની તપાસ (Cardiac Test) ECG
- છાતીની તપાસ (Chest X-Ray) - દાંતની તપાસ (Dental Checkups)
- એમ.ડી. ડોક્ટર દ્વારા તપાસ (General M.D. Physician Check-up)
નોંધ : સવારે ભૂખ્યા પેટે લોહી(બ્લડ) લેવા માટે ઘર બેઠા બ્લડ કલેક્શનની સુવિધા ઉપલબ્ધ.
સંપર્ક : Mo. : 9227994614

# ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મઃરૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાળા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદ
ઘૂંટણનો દુઃખાવો
ઘૂંટણ ના ઘસારા
Osteoarthritis
DTRT
ઉપનાહ સ્વેદન
લેપન
વેદાગ્નિકર્મ
પંચકર્મ
EKLપંચકર્મ
પટ્ટબંધન
અગ્નિકર્મ
ક્ષારકર્મ
વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph. : (0261) 2470875, Mo. : 75748 61856
સુરત ૧૦૫, દેવાશિષ એપાર્ટમેન્ટ, ઉમરા રોડ, જાફરૈ સામે, ઈચ્છાનાથ, સુરત – ૩૯૫૦૦૭. Mo. : 75748 61851
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo. : 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo. : 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57
વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ફાગણ વદ અગિયારસ રવિવાર ૧૫ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૦
પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# ઈરાનની આર્થિક જીવાદોરી પર અમેરિકાનો હુમલો

### ખર્ગ ટાપુ પર હુમલો કરવામાં આવ્યો, જો કે હાલ તેલ માળખુ સલામત

દુબઈ, 14 માર્ચ (AP): અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે અમેરિકાએ ઈરાનના ઓઈલ નેટવર્ક માટે મહત્વપૂર્ણ એવા એક ટાપુ પરના સૈન્ય મથકોનો નાશ કર્યો છે.

ટ્રમ્પે કહ્યું કે અમેરિકી દળોએ શુક્રવારે ઈરાનના ખાર્ગ ટાપુ પરના લક્ષ્યાંકોને તબાહ કરી દીધા છે. આ ટાપુ ઈરાનનું પ્રાથમિક ટર્મિનલ છે જ્યાંથી દેશની તેલ નિકાસનું સંચાલન થાય છે. ખર્ગ ટાપુની સવલતોનો નાશ થયો હોવાનો અમેરિકાએ દાવો કર્યો છે પરંતુ ઈરાનનું ઓઈલ માળખુ સલામત છે. ઈરાની સંસદના સ્પીકરે અગાઉ ચેતવણી આપી હતી કે આવા હુમલાઓ વળતા હુમલાના નવા સ્તરને ઉત્તેજિત કરશે. દરમિયાન, એક અમેરિકન અધિકારીએ જણાવ્યું હતું કે ઈસ્લામિક રિપબ્લિક સાથેના યુદ્ધના લગભગ બે અઠવાડિયા પછી વધુ 2,500 મરીન સૈનિકો અને એક એમ્ફિબિયસ એસોલ્ટ શિપ મધ્ય પૂર્વમાં મોકલવામાં આવી રહ્યા છે. આ હિલચાલ સૂચવે છે કે 2 અઠવાડિયા જૂનું આ યુદ્ધ અંતની નજીક નથી. ઈરાને ઈઝરાયેલ અને પડોશી ગલ્ફ દેશો પર વ્યાપક

...અનુસંધાન પાના 11 પર

### એક્સપિડિશનરી યુનિટોને અખાતમાં રવાના કરાયા

યુએસ અધિકારીના જણાવ્યા અનુસાર, 31મી મરીન એક્સપિડિશનરી યુનિટ અને એમ્ફિબિયસ એસોલ્ટ શિપ USS Tripoli ને મધ્ય પૂર્વમાં મોકલવાનો આદેશ આપવામાં આવ્યો છે. મરીન એક્સપિડિશનરી યુનિટ્સ ઉભયચર ઉતરાણ (જમીન અને પાણી બંને પર હુમલો) કરવામાં સક્ષમ હોય છે, પરંતુ તેઓ દૂતાવાસોમાં સુરક્ષા વધારવા, નાગરિકોને બહાર કાઢવા અને આપત્તિ રાહતમાં પણ નિષ્ણાત છે. આ તૈનાતીનો અર્થ એ નથી કે ગ્રાઉન્ડ ઓપરેશન (જમીની હુમલો) અનિવાર્ય છે. એક અમેરિકી અધિકારીના જણાવ્યા અનુસાર, 31મી મરીન એક્સપિડિશનરી યુનિટ અને એમ્ફીબિયસ એસોલ્ટ શિપ USS ત્રિપોલીને મધ્ય પૂર્વ મોકલવાનો આદેશ આપવામાં આવ્યો છે. કેટલાક કોમર્શિયલ સેટેલાઇટો દ્વારા યુએસએસ ટ્રિપોલી જહાજ તાઇવાન નજીકના સમુદ્રમાં દેખાયું હતું, તેનો અર્થ એ કે ઇરાન નજીક પહોંચવામાં તેને એમ સપ્તાહનો સમય લાગી શકે છે.

### જો પોતાના ઓઇલ માળખાને નિશાન બનાવાય તો તમામ મર્યાદાઓ તોડી નાખવાની ઇરાનની ચેતવણી

બીજી તરફ ઇરાને ચેતવણી આપી છે કે જો તેના ઓઇલ માળખાને નિશાન બનાવવામાં આવશે તો ઇરાન તમામ મર્યાદાઓ તોડી નાખશે અને અમેરિકા સાથે સંકળાયેલા સંસ્થાનો પર બેરોકટોક હુમલાઓ કરશે. શનિવારે ઈરાનના સંયુક્ત સૈન્ય કમાન્ડે ફરી એકવાર એવી ધમકી આપી છે કે જો ઈસ્લામિક રિપબ્લિકના ઓઈલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર હુમલો કરવામાં આવશે, તો તેઓ આ ક્ષેત્રમાં અમેરિકા સાથે જોડાયેલા ઓઈલ અને એનર્જી પ્લાન્ટ્સ પર હુમલો કરશે. ખાતમ અલ-અંબિયા સેન્ટ્રલ હેડક્વાર્ટરના પ્રવક્તા ઇબ્રાહિમ ઝુલ્ફીકારીએ ચેતવણી આપી હતી કે તેઓ આ ક્ષેત્રની તમામ ઓઈલ કંપનીઓના ઓઈલ, આર્થિક અને ઊર્જા માળખાને નિશાન બનાવશે જેમાં અમેરિકાના શેર હોય અથવા જે અમેરિકા સાથે સહયોગ કરતી હોય. ઈરાની સંયુક્ત સૈન્ય કમાન્ડે સંયુક્ત આરબ અમીરાત (UAE)ના શહેરો પર હુમલો કરવાની પણ ધમકી આપી હતી. તેણે દાવો કર્યો હતો કે અમેરિકાએ ટાપુઓ પર હુમલો કરવા માટે ત્યાંના બંદરો, ગોદીઓ અને આશ્રયસ્થાનોનો ઉપયોગ કર્યો હતો, જો કે આ અંગે તેમણે કોઈ પુરાવા આપ્યા ન હતા. આ સાથે જ, તેમણે લોકોને એવા વિસ્તારો ખાલી કરવા માટે કહ્યું છે જ્યાં તેમના મતે અમેરિકી દળો આશ્રય લઈ રહ્યા છે.

### ગલ્ફમાં અમેરિકાની તૈનાતી કેટલી છે?

અઠવાડિયાની શરૂઆતમાં, નૌકાદળના ૧૨ જહાજો અરબી સમુદ્રમાં કાર્યરત હતા, જેમાં એરક્રાફ્ટ કેરિયર (વિમાનવાહક જહાજ) USS અબ્રાહમ લિંકન અને આઠ વિનાશક જહાજો (ડિસ્ટ્રોયર્સ) સામેલ હતા. જો ટ્રિપોલી આ કાફલામાં જોડાય, તો તે આ ક્ષેત્રમાં લિંકન પછીનું બીજા નંબરનું સૌથી મોટું જહાજ હશે. મધ્ય પૂર્વમાં જમીન પર હાજર અમેરિકી સૈનિકોની કુલ સંખ્યા સ્પષ્ટ નથી, પરંતુ આ ક્ષેત્રના સૌથી મોટા મથકોમાંનું એક, અલ-ઉદૈદ એર બેઝ, જે કતારમાં આવેલું છે, ત્યાં સામાન્ય રીતે લગભગ ૮,૦૦૦ અમેરિકી સૈનિકો તૈનાત હોય છે.






© AP

## ખાર્ગ ટાપુ પર અમેરિકાના હુમલા પછી ઇરાનના વળતા હુમલા

**બગદાદમાં** અમેરિકી દૂતાવાસના કમ્પાઉન્ડ પર હુમલો કર્યો, યુએઇની એક ઓઇલ ફેસિલિટી પર ડ્રોન પડ્યું

દુબઈ, તા. 14(AP): રવિવારે અમેરિકા-ઇઝરાયેલ અને ઈરાન વચ્ચેના યુદ્ધના ત્રીજા સપ્તાહમાં પ્રવેશતાની સાથે જ બગદાદમાં અમેરિકી એમ્બેસી કમ્પાઉન્ડની અંદર આવેલા હેલિપેડ પર મિસાઈલ ત્રાટકી હતી અને સંયુક્ત આરબ અમીરાત (UAE)માં એક તેલ સુવિધા પર ઈરાની ડ્રોનનો કાટમાળ પડ્યો હતો.

એસોસિએટેડ પ્રેસ (AP)ની તસવીરોમાં ઈરાકી રાજધાનીમાં એમ્બેસી કમ્પાઉન્ડ પર ધુમાડાના ગોટા ઉડતા દેખાયા હતા અને UAEના ફુજૈરાહ બંદરમાં આગ ફાટી નીકળી હતી, જે સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર ડ્રોન તોડી પાડ્યા બાદ લાગી હતી.

અમેરિકી દૂતાવાસ તરફથી આ બાબતે તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નહોતી. શુક્રવારે, દૂતાવાસે ઇરાક માટે તેના લેવલ 4ના સુરક્ષા એલર્ટને ફરીથી જાહેર કર્યું હતું, જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે ઈરાન અને ઈરાન સમર્થિત સશસ્ત્ર જૂથોએ અગાઉ અમેરિકન નાગરિકો, હિતો અને માળખાગત સુવિધાઓ પર હુમલા કર્યા છે અને તેઓ તેને લક્ષ્ય બનાવવાનું ચાલુ રાખી શકે છે.

## જો હોર્મુઝની ખાડી નહીં ખુલે તો અમેરિકા ઈરાનના ઓઇલ માળખાને નિશાન બનાવશેઃ ટ્રમ્પ

**અન્ય** દેશોને હોર્મુઝના અખાતમાં જહાજો મોકલવા ટ્રમ્પની હાકલ

મેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો ઈરાન હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજોના માર્ગમાં દખલ કરવાનું ચાલુ રાખશે, તો હવે પછીનું નિશાન ઈરાનનું તેલ માળખું હોઈ શકે છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે હોર્મુઝની સામુદ્રધુની દ્વારા થતા શિપિંગના રક્ષણ માટે મુખ્ય વૈશ્વિક શક્તિઓને નૌકાદળ તૈનાત કરવા વિનંતી કરી છે. સાથે જ તેમણે ચેતવણી આપી છે કે જો તેહરાન ટ્રાફિકમાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરશે, તો વોશિંગ્ટન ઈરાનના દરિયાકાંઠે સૈન્ય હુમલાઓ તેજ કરશે. 'ટ્રુથ સોશિયલ' પર એક લાંબા સંદેશમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, આ કટોકટીથી પ્રભાવિત અનેક દેશો આ મહત્વપૂર્ણ શિપિંગ કોરિડોરને ખુલ્લો રાખવા માટે યુનાઈટેડ સ્ટેટ્સની સાથે મળીને કામ કરવા માટે યુદ્ધ જહાજો મોકલવાની તૈયારી કરી રહ્યા છે.

ટ્રમ્પે લખ્યું કે, "ઘણા દેશો, ખાસ કરીને જેઓ ઈરાન દ્વારા હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાના પ્રયાસથી પ્રભાવિત છે, તેઓ આ માર્ગને ખુલ્લો અને સુરક્ષિત રાખવા માટે યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકાની સાથે મળીને યુદ્ધ જહાજો મોકલશે." ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાનની સૈન્ય ક્ષમતા પહેલેથી જ મોટાભાગે ખતમ થઈ ગઈ છે, પરંતુ ચેતવણી આપી હતી કે તેહરાન હજુ પણ મર્યાદિત હુમલાઓ કરી શકે છે. ટ્રમ્પે કહ્યું, "અમે ઈરાનની ૧૦૦% સૈન્ય ક્ષમતાનો પહેલેથી જ નાશ કરી દીધો છે, પરંતુ ભલે તેઓ ગમે તેટલી ખરાબ રીતે પરાજિત થયા હોય, તેમના માટે આ જળમાર્ગમાં અથવા તેની આસપાસ ક્યાંક એક-બે ડ્રોન મોકલવા, માઈન નાખવી અથવા નજીકના અંતરની મિસાઈલ છોડવી સરળ છે."



## કોલકાતામાં વડાપ્રધાનની રેલી પહેલા ટીએમસી, ભાજપના કાર્યકરો બાખડ્યાં

**રેલીના** સ્થળથી પાંચ કિલોમીટર દૂર મમતાના પક્ષના કાર્યકરો અને ભાજપના કાર્યકરોનો એકબીજા પર હુમલો

**પશ્ચિમ** બંગાળના મંત્રી શશી પાંજાના નિવાસસ્થાન પર પથ્થરમારો થયો હોવાના પણ આક્ષેપો

કોલકાતા, તા. 14(PTI): શનિવારે મધ્ય કોલકાતામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ ખાતેની રેલીના માંડ અડધા કલાક પહેલા તૃણમૂલ કોંગ્રેસ(TMC) અને ભાજપના સમર્થકો વચ્ચે અથડામણ ફાટી નીકળી હતી, જેમાં એક પોલીસ અધિકારી અને ભગવા પક્ષના એક નેતા ઘાયલ થયા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું.

ગિરીશ પાર્ક વિસ્તારમાં પશ્ચિમ બંગાળના મંત્રી શશી પાંજાના નિવાસસ્થાન પર પથ્થરમારો કરવામાં આવ્યો હોવાના આક્ષેપો પણ સપાટી પર આવ્યા હતા. આ હિંસા રેલીના સ્થળથી લગભગ 5 કિમી દૂર ત્યારે થઈ જ્યારે ભાજપના સમર્થકો વિધાનસભા ચૂંટણી પહેલા પક્ષની રાજ્યવ્યાપી 'પરિવર્તન યાત્રા'ના સમાપન નિમિત્તે વડાપ્રધાનની સભામાં હાજર રહેવા બ્રિગેડ પરેડ ગ્રાઉન્ડ તરફ કૂચ કરી રહ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, બંને પક્ષોના સમર્થકોએ કથિત રીતે એકબીજા પર પથ્થરમારો કર્યો હતો અને સૂત્રોચ્ચાર કર્યા હતા, જેનાથી આ વ્યસ્ત વિસ્તારમાં તણાવ પેદા થયો હતો. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે, પરિસ્થિતિને કાબૂમાં લેવાનો પ્રયાસ કરતી વખતે વહુબજાર પોલીસ સ્ટેશનના ઓફિસર-ઈન-ચાર્જ બપ્પાદિત્ય નસ્કર ઘાયલ થયા હતા. ભાજપે એવો પણ દાવો કર્યો હતો કે તેમના ઉત્તર કોલકાતા જિલ્લા પ્રમુખ તમાઘ્ન ઘોષ અને અનેક પક્ષના કાર્યકરો અથડામણમાં ઘાયલ થયા છે.

પક્ષના નેતાઓએ જણાવ્યું કે ઘોષને બાદમાં સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. ભાજપના નેતાઓએ આક્ષેપ કર્યો હતો કે જ્યારે તેમના સમર્થકો રેલીના સ્થળ તરફ જઈ રહ્યા હતા ત્યારે તેમના પર કોઈપણ ઉશ્કેરણી વગર હુમલો કરવામાં આવ્યો હતો. જોકે, TMC કાર્યકરોએ આ આરોપોને નકારી કાઢ્યા હતા અને દાવો કર્યો હતો કે ભાજપના સમર્થકો જ્યારે બ્રિગેડ રેલીના રસ્તે ગિરીશ પાર્ક વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા ત્યારે તેમણે પહેલા પાંજાના નિવાસસ્થાન પર હુમલો કર્યો હતો.

## હોર્મુઝની ખાડીમાંથી 92,700 ટન ગેસ સાથે વધુ બે ભારતીય જહાજો સુરક્ષિત પસાર

**યુદ્ધના** તણાવ વચ્ચે ગુજરાતના બંદરો તરફ આગળ વધતા 'શિવાલિક' અને 'નંદા દેવી'

**અન્ય** 22 જહાજો લીલી ઝંડી મળે તેની પ્રતીક્ષામાં

નવી દિલ્હી, તા. 14 (PTI): ગલ્ફ દેશોમાંથી એલપીજી લઈને આવી રહેલા બે ભારતીય જહાજો શનિવારે વહેલી સવારે હોર્મુઝની ખાડી સુરક્ષિત રીતે ઓળંગી ગયા હતા, જેનાથી યુદ્ધગ્રસ્ત અને સાંકડા શિપિંગ લેનમાંથી સુરક્ષિત રીતે પસાર થનારા ભારતીય જહાજોની સંખ્યા વધીને ત્રણ થઈ ગઈ છે.

ખાડીની પશ્ચિમ બાજુએ બાકીનાં 22 જહાજો લીલી ઝંડી મળે તેની પ્રતીક્ષામાં છે. કારણ કે, ભારત સરકાર તેમના સુરક્ષિત માર્ગને સુનિશ્ચિત કરવા માટે આ ક્ષેત્રની સરકારો સાથે વાતચીત કરી રહી છે.

શિપિંગ મંત્રાલયના સ્પેશિયલ સેક્રેટરી રાજેશ કુમાર સિન્હાએ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, એલપીજી કેરિયર્સ 'શિવાલિક' અને 'નંદા દેવી' હવે ગુજરાતના મુંદ્રા અને કંડલા બંદરો તરફ આગળ વધી રહ્યા છે. રાજેશ કુમારે ઉમેર્યું હતું કે, આ જહાજો 92,700 ટન એલપીજી વહન કરી રહ્યા છે. શિવાલિક 16 માર્ચના રોજ મુંદ્રા પહોંચે તેવી શક્યતા છે

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૪-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું
### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૦° સે. | ૨૧.૪° સે. | ૧૫% |

## ચળવળકાર સોનમ વાંગચુક મહિનાઓ પછી જેલમાંથી બહાર આવ્યા

**સરકારે** અટકાયત તત્કાળ રદ કર્યા બાદ જોધપુર જેલમાંથી મુક્ત

**અર્થસભર** મંત્રણા માટે આ નિર્ણય લેવાયો હોવાનું સરકારે જણાવ્યું, વાંગચુકે કહ્યું કે લદાખના હિતો માટે કામ ચાલુ રાખશે



નવી દિલ્હી, 14 માર્ચ (PTI): કેન્દ્ર સરકારે શનિવારે લદાખના પર્યાવરણવાદી ચળવળકાર સોનમ વાંગચુકની નેશનલ સિક્યુરિટી એક્ટ (NSA) હેઠળની અટકાયત તાત્કાલિક અસરથી રદ કરી હોવાનું આજે જણાવ્યું હતું. આના પછી શનિવારે બપોરે વાંગચુક રાજસ્થાનની જોધપુર સેન્ટ્રલ જેલમાંથી બહાર નિકળ્યા હતા જેમણે લદાખના હિતો માટેની ચળવળ ચાલુ રાખવાની વાત ઉચ્ચારી હતી.

લેહમાં થયેલા હિંસક વિરોધ પ્રદર્શનો, જેમાં ચાર લોકોના મોત થયા હતા, ત્યારબાદ તેમની ધરપકડ થઈ હતી, તેના લગભગ છ મહિના જેટલા સમય પછી તેમને મુક્ત કરવામાં આવ્યા છે. કેન્દ્રએ જણાવ્યું હતું કે લદ્દાખમાં શાંતિ સ્થાપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. અર્થસભર મંત્રણા થઈ શકે તે માટે આ કરાયું હોવાનું જણાવાયું હતું. સુપ્રીમ કોર્ટે મંગળવારે વાંગચુકની અટકાયતને પડકારતી તેમની પત્ની ગીતાંજલિ જે. આંગમોની અરજી પરની સુનાવણી 17 માર્ચ સુધી મુલતવી રાખ્યાના ગણતરીના દિવસોમાં જ આ પગલું લેવામાં આવ્યું છે. લદ્દાખને રાજ્યનો દરજ્જો આપવાની અને બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં તેનો સમાવેશ કરવાની માંગ સાથે લેહમાં થયેલા વિરોધ પ્રદર્શનોના બે દિવસ પછી, 26 સપ્ટેમ્બર 2025ના રોજ વાંગચુકની અટકાયત કરવામાં આવી હતી. આ પ્રદર્શનોમાં 22 પોલીસકર્મીઓ સહિત 45 થી વધુ લોકો ઘાયલ થયા હતા. લેહ જિલ્લા મેજિસ્ટ્રેટના આદેશ પર જાહેર વ્યવસ્થા જાળવવા માટે તેમને રાષ્ટ્રીય સુરક્ષા ધારા હેઠળ અટકાયતમાં લેવામાં આવ્યા હતા અને બાદમાં જોધપુર જેલમાં ખસેડવામાં આવ્યા હતા.

સત્તાવાર નિવેદનમાં સરકારે તમામ હિસ્સેદારો સાથે રચનાત્મક અને અર્થપૂર્ણ સંવાદ કરવા માટે લદ્દાખમાં શાંતિ, સ્થિરતા અને પરસ્પર વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવાની તેમની પ્રતિબદ્ધતા

...અનુસંધાન પાના 11 પર